**<u>રેગ્યુલર દિવાની કેસ નં.૨/૨૦૧૯</u>**

**<u>વાદીની આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ</u>**

------------------------------

(૧.૦) આ કામના વાદી બેનીબેન હાથીભાઈ માલીવાડેએ હાલનો દાવો પ્રતીવાદી ભુરાભાઈ મસુરભાઈ માલીવાડ વિ. સામે ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા સબબ દાખલ કરી દાવા અરજી સાથે આંક – ૫ થી સી. પી.સી. ઓર્ડર – ૩૯ રુલ્સ – ૧ તથા ૨ તેમજ કલમ – ૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી લાવી *પ્રતીવાદીઓ દાવાવાળા જમીનમાં સીઝનલ પાકમાં રોકે રોકીને અંતરાય હેલો હરકત અવરોધ બાધા કરે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી લાવેલ છે.*

**આ કામે વાદીના દાવાની ટુકમાં હકીકત જોવામાં આવે તો ::–**વાદીના પિતાની વડીલોપાર્જીત મીલકત જમીન કડાણા તાલુકાના મોજે ગામ નાના ભાગલીયાની બ્લોક/ સર્વે નં.૧૦૨, ૨૩૮ જેનો જુનો સર્વે નં.૩૩૪ અનુક્રમે ૩૬૧માં નવા નોં ધણી સહીત તમામ રેવન્યુ એન્ટ્રીઓ વાદીના વડીલોપાર્જીતના સમયથી ઉત્તરોતર કબજા ભોગવટાની માલીકીની રૂએ નોંધાયેલ છે. સદર દાવાવાળી મુળ વાદીના પિતાની સ્વ. હાથીભાઈ રતાભાઈ માલીવાડના માલીકી કબજા ભોગવટાની હતી. તેમના સ્વર્ગવાસ બાદ કુદરતે આપેલ બે દિકરીઓ પૈકી હાલે વાદીના બહેન નામે નાથીબેન નાથાભાઈ અમરાભાઈ ગયેલ વર્ષની ગયેલ માસની ગઈ તા.૧૯/૭/૮૨ ના રોજ ગામ મોટી રાડ, તા.કડાણા, જુનો જીલ્લો પંચમહાલની હકુમત તળે ગુજરી ગયેલછે. તેઓના માતાજીનું વર્ષો અગાઉ સ્વર્ગવાસ થયેલ છે. હાલની મનાઈ હુકમ અરજીમાં વારસાઈ સબંધી કોઈ તકરાર નથી. સદર જમીનનો કુલ

ક્ષેત્રફળ સર્વે નં.૧૦૨ ની હે.૧, આરે.૪૬, ચોમી. ૪૫ એમ ૧ઉ૧૬ ખેતીલાયક ઉપયોગી જમીન તથા સર્વે નં.૨૩૮ કુલ ક્ષેત્રફળ ૦–૩૮–૨૯ એમ બી.ખે.વિ. ૦.૨૮ આકાર ખેતીલાયક ઉપયોગી જમીન નામદાર કોર્ટની હકુમતમાં આવે છે. વાદી સ્વ. પિતાજીના વારસોમાં બે દિકરીઓ પૈકી હાલે હયાત કાયદેસર ધોરણસરના વારસને તમામ રીતે હાલનો દાવો કરવા મુકત સંમતી કબુલાત છે. હાલે સદર મીલકત જમીનના અન્ય કોઈ વારસ કે રેવન્યુ તકરાર નથી તે સબંધી પેઢીનામુ દસ્તાવેજી માર્કથી રજુ છે. સદર મનાઈ હુકમની અરજીમાં સરળતા ખાતર ઉપર્યુકત મીલકત જમીનને દાવાવાળી જમીન મીલકત તરીકે સંબોધન કરવામા આવશે. હાલની દાવાવાળી જમીન મીલકતનો ખુંટ વર્ણન ચતુરદિશાનો વર્ણન નીચે મુજબ છે.

ઉત્તર:– સરકારી જમીન

દક્ષિણ:– ડામોર લક્ષ્મણભાઈ હીરાભાઈની ખેતીની જમીન

પુર્વ:– પ્રતિવાદીઓની ખેતીની જમીન

પશ્ચિમે:– સોમા બાપુડીની જમીન તથા મકાન હાથીભાઈ વેચાતભાઈ જમીન/મકાન

ઉપર્યુકત મનાઈ અરજીના કામે પ્રતિવાદીઓ વિરુધ્ધ હુકમ ફરમાન થવા વિનંતી કે તેઓના ભુતકાળમાં લગ્ન થયા તે પહેલાથી ખેતીકામ કરે છે. તેઓના લગ્ન થયા ત્યારબાદ સમય વખતગત થતા પિતાજીની તબીયત નરમ–ગરમ રહેતી હોતા સાર–સંભાળ સાથે સેવા કરતા રાખતા હતા. તેઓના પિતાજીની બીમારી વશ પથારીવશ સ્થિતી કમજોરી વૃધ્ધત્વની તકલીફોના કારણે કબજા ભોગવટાની મીલકત જમીનમાં ખેડી વાવીને કુદરત જે પાક ફળ આપે તે સીઝન ઋતુ પ્રમાણે પાક લેતા આવેલા છે. વાદીના લગ્ન અમરાભાઈ પુંજાભાઈ વાગડીયા, મુ.સરસવા, ધનસુરા(ફ), તા.કડાણા,

જી.મહીસાગર મુકામેથી લગ્ન બાદ પણ એકાંતરે આબોહવા પ્રકૃતિ વાતાવરણને ધ્યાનમાં રાખીને વડીલોપાર્જીત માર્ગદર્શન ગાઈડન્સ તળે સીઝનલ મોસમ કનેકટેડ ખેતી કરીને વર્ષોથી જીવન ગુજરાન ચલાવે છે. તેઓએ ભુતકાળમાં લીધેલ પાકો ગામના નમુના નં.૧૨ માં રેવન્યુ દફતરે નોંધાયેલ છે. તેઓએ વડીલોએ કે તેઓએ દાવાવાળી મીલકત જમીન ભાગલીયા મુકામે આવેલ છે. તે કોઈને પણ વેચસાટ–ગીરો–કરાર કે અન્ય કોઈ પણ રીતે રેવન્યુ રાહે નામ ફેરબદલી થાય તે રીતેનો સોદો વ્યવહાર કરેલ નથી.

વાદીના કથન મુજબ, પ્રતિવાદીઓ વિરુધ્ધ તાત્કાલીક તાકીદ ફરમાન થવા વિનંતી કે હાલે મોસમ પ્રમાણે ખેતી કામમાં ખેડવાનું પોખવાનું ભવિષ્યમાં લખવાનું કામ સીઝન પ્રમાણે ખેતી કામમાં ખેડવાનું પરંતુ સંપુર્ણ તેમની દાવાવાળી જમીન મીલકતમાં ખેડવા, વાવવા, પોખવા, લણવાનુ, ખેતીકામનું કામ પુર્ણ થાય તે પહેલા ઉપર્યુકત પ્રતિવાદીઓએ કે જે તેઓ દાવાવાળી મીલકત જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ જમીનનો કબજો વાદીનો જાણતા હોવા છતાં કોઈ પણ પ્રકારના દસ્તાવેજી આધાર પુરાવા વગર અનઅધિકૃત રીતે પ્રવેશીને બોલવાનું શરૂ કરતા ગણગણ કટકટ, જમીનમાં ખેડાણ સબંધી વાદ–વિવાદ, માલીકી સબંધી વાદ–વિવાદ તેમજ કોઈ પણ પ્રકારના કારણ વગર કાયદો હાથમાં લઈને ડીસ્પ્યુટ ઉભો થાય તે રીતે ઉચ્ચારણ વાતાવરણ સર્જન કરીને એકસંપ કરી મીલાપીપણું રચીને તેઓની હદ સનદમાં આવેલ જમીનમાં વાદી સ્ત્રી નારીની એકલવૃતિનો ગેરલાભ લેવા માટે અન્ય ધારણકર્તાઓને વિશ્વાસમાં રાખીને વૃતિ–પ્રવૃતિ આદરતા હાલની પ્રતિવાદીઓ વિરુધ્ધની મનાઈ હુકમ અરજી લાવવાની જરૂરીયાત

અરજન્ટ નેચરમાં જરૂરી તાત્કાલીક હુકમ કરવા માટે છે. વાદીની નમ્ર દરગુજારીશ કે, વાદી નિયમિતપણે રુટીન મુજબ ખેતી કામ સીઝનલી કરીને ઘરની જવાબદારીઓ અદા કરે છે. પરંતુ હમણા ચોમાસાની સીઝન શરૂ થવાના આરે સદર જમીન સાફ સુથરી કરીને સીઝન પાક ખેડવા વાવના લણવાની કામગીરી ચાલુમાં છે ત્યારે આ કામના પ્રતિવાદીઓ આજુબાજુની જમીનમાંથી તેમની હદ-સનદમાં આવી પ્રવેશીને ખેડ ખેતી ગણગણ-કચકચ કરવા ઉચ્ચારણ બોલચાલ કરીને વાદ શરૂ કરતા વિશેષ વિવાદનો વિકાસ થાય તે પહેલા પ્રતિવાદીઓને અટકાવવા વાદીએ ગયેલ માસની ગઈ તા.૧૬/૬/૧૯ ના રોજ મા.શ્રી સ્થાનિક મહે. સાહેબ નાનાભાગલીયા ગૃપ ગ્રામ પંચાયત, તા.કડાણા, જી.મહીસાગરમાં પ્રથમ મૌખીક અને ત્યારબાદ લેખીત રજુઆત અરજી આપેલ છે. વાદીએ પ્રતિવાદીઓને શાંત ખાલી પ્રત્યક્ષ કબજા માલીકીપણામા દાવાવાળી જમીન ખેતરમાં ખેતીલાયક સીઝન પાકની પુર્ણતયા ખેડાણ વાવણી લણણી સંપુર્ણપણે કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી ડીસ્ટર્બ ન કરવા વિનંતી કરેલ તેમ છતાં પ્રતિવાદીઓએ એકસંપ કરી મીલાપીપણું રચીને બોલવાનું વિશેષ રાખીને મનઘડત-મનકલ્પીત રીતે બળ બતાવીને સંભળાવીને ખેડ ખેતી કામ અટકાવી દેવાની તેમજ પુર્ણ થયેલ ખેડાણ વાવણી પાક બગાડી નાખીને ભેલાણ કરીને કરાવડાવીને વાદીને ખોટી રીતે હેરાન પરેશાન ન કરે તે માટે હાલની અરજી કરવાની ફરજ પડે છે.

વાદીના કથન મુજબ, વાદીએ મા.શ્રી તલાટી સાહેબ સ્થાનીક ગામના ગૃપ પંચાયત મધ્યે લેખીત રજુઆત કરેલ તેના સમાચાર માહીતી પ્રતિવાદીઓને થયા બાદ સદર જમીન પર નિયમીત રીતે થતી ખેતીની અંદર તેમજ માલીકી કબજા

ભોગવટાની જમીનમાં ખેતીના ચાલુ કામમાં બાધા–અડચણ અલગ અલગ એંગલ કરતા હોતા બાંધકામ થાય તેવી પ્રતિવાદીઓની કાર્યવૃતિઓના સમાચાર વાદીને મળતાં પ્રતિવાદીઓનો દાવાવાળી જમીન પર બદદાનત–બદઈરાદો સફળ થાય તે પહેલાં વાદીની નિયત સાફ હોતા, વાદીની માલીકીની કબજા ભોગવટાની દાવાવાળી ખેતીની જમીનમાં ખેડવા ખેતી કરતા રોકે રોકાવે નહી કે પુર્ણ થયેલ ખેતીના અંતે પાક ઉતારવા–લણવાનો સમય આવે તે પહેલા હાલે ખેડાણ વાવણીમાં નુકસાન કરીને, ભેલાણ કરીને વાદીના ખેતીના તૈયાર પાકમાં થયેલા ખર્ચને બગાડ–નુકસાન બદદાનતથી એકસંપ કરી મીલાપીપણું રચીને વાદીને ના–હકકના હેરાન–પરેશાન કરીને કાયદાનો ભંગ કરીને કાયદો હાથમાં લઈને વાદીની ગેરહાજરીમાં સ્થાનીક ખેતર જમીનમા અયોગ્ય પ્રવૃતિ રોકવા અનુચિત તથ્ય વગરનો કાયદા વિરુધ્ધનો પ્ર તિવાદીઓનો વર્તન કાયદાના રક્ષણથી અટકાવવા હાલની કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાન થવા વિનંતી છે. હાલ પ્રતિવાદીઓ કોઈ પણ કાયદા વિરુધ્ધની રીત ગેરકાયદેસર પધ્ધતિથી ખેતીકામ કરતા અટકાવવાનો અધિકાર ન હોય આમ વાદીએ સમજાવટ છતાં કાયદાથી વિરુધ્ધ થઈને જઈને ગેરલાભ લેવાનો ગઈ તા. ૧૬/૬/૨૦૧૯ ના રોજથી શાંતિનો ભંગ કરતા અનઅધિકૃત રીતે દાવાવાળી જમીનમાં વગર પરવાનગીએ પ્રવેશીને મનકલ્પીત મનઘડત ઉચ્ચારણો સાથે સ્ત્રીનારીને હેરાન–પરેશાન કરવાનો ખેતી કામ અટકાવવાનો એકસંપ મીલપીપણા બળ જબરી બળુક હિંમ્મતને સફળ થવાનો નિષ્ફળ પ્રયત્ન ગયેલ જતા તેની સામે દિવાની રક્ષણાત્મક હુકમ મેળવવાનો વાદીની ફરજ અધિકાર નૈતિકતાથી પહોંચે છે. મલીન ઈરાદાથી અન્ય મલીક ઈરાદા દાનતથી દાવાવાળી જમીનની અંદર આવેલ

ખેતરમાં અન્ય સાધનો, ખેતીલાયક સગવડો, ખેતીલાયક ઓજારો, સાધનો, ખેતવપરાશમાં વપરાતી ચીજવસ્તુઓમાં નુકશાન સાથે ના–હકકના હાનિ ન કરે, શાંત ખેતીની ચાલી રહેલ કાર્યપ્રવૃતિ કામમાં બાધા અવરોધ ભવિષ્યમાં ન કરે તેવા ધ્યેયથી તાત્કાલીક મનાઈ હુકમ ઈસ્યુ થવા વિંનતી છે.અમો વાદીનો પ્રાંઈમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો વાદીના લાભમાં છે.જો દાવાવાળી જમીન નો ગેરકાયદેસર રીતે પાક સાથે કબજો પડાવી લેવામાં આવે તો અમો વાદીને પારાવાર નુકશાન થાય તેમ છે.

**દાવા અરજી સાથે વાદીઓએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ કામમાં રજુ રાખેલ છે.**

૧ વાદીના આધાર કાર્ડની નકલ માર્ક ૩/૧

૨.રે.સ.નં.૧૦૨ તથા ૨૩૮ ગામ નમુના નંબર ૮–અની નકલ માર્ક ૩/૨

૩ રે.સ.નં.૧૦૨ ના ગામ નમુના નંબર ૭ ની નકલ માર્ક ૩/૩

૪.રે.સ.નં.૧૦૨ ના ગામ નમુના નંબર ૧૨ ની નકલ માર્ક ૩/૪

૫.રે.સ.નં.૨૩૮ ના ગામ નમુના નંબર ૭ ની નકલ માર્ક ૩/૫

૬.રે.સ.નં.૨૩૮ ના ગામ નમુના નંબર ૧૨ ની નકલ માર્ક ૩/૬

૭.હકક પત્રક ગામ નુમના નંબર – ૬ ની નકલ માર્ક ૩/૭

૮. વાદી નંબર – ૨નો મરણનો દાખલો માર્ક ૩/૮

૯. વાદી એ તલાટીને લખેલ પત્રની નકલ માર્ક ૩/૯

(૨.૦)આ કામે વાદી દવારા કરવામા આવેલ દાવાનો તથા આંક–૫ ની અરજીનો સમન્સ/નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજી જતા પ્રતિવાદી તરફે તેમના વકીલશ્રી હાજર છે. પરંતુ વાંરવાર મુદતો આપવા છંતા જવાબ રજુ કરેલ નથી.

(૩.૦) આ કામે વાદી તરફે વિ. વકીલશ્રીશ્રી તેમની આકં– ૨૪ ની લેખીત દલીલ રજુ કરેલ છે. જે વંચાણ લીધી તેમાં જણાવે છે.કે અમો વાદીના પિતાની વડીલોપાર્જીત જમીન આવેલી છે. જે જમીન બ્લોક નંબર ૧૦૨ ,૨૩૮ જેના નવા ખાતા નંબર ૨૫૫ છે. તેમાં ઉતરોતર નોધ થયેલ છે. દાવાવાળી જમીન અમારા પિતાશ્રી હાથીભાઈ રત્નાભાઈ માલીવાડ ની કબજા ભાગવટની જમીન મીલકત આવેલી છે. અમારા પિતાને દિકરો ન હોઈ અમો સીધી લીટીના વારસદાર છીએ. અમો પહેલાથી અમારા માતા પિતાની દેખભાળ રાખતા હતા. સદર જમીન માં અમો સીઝનના પાક લઈએ છીએ અમારી વડીલો પાર્જીત જમીનમાં આ કામના પ્રતિવાદીઓ પ્રવેશ કરી ખેડ ખેતી કરતા કે પાક કે ઉપજ લેતા અટકાવે છે. જો અમોને મનાઈ હુકમ ન આપવામાં આવે તો અમારે રસ્તે રઝળવાનો વારો આવે તેમ છે.આમ પ્રતિવાદીઓ અમોને અમારી મીલ્કતનો ઉપયોગ કરતા રોકે રોકાવે નહી તેવો મનાઈ હુકમ પ્રતિવાદી સામે ફરમાવવા અરજ છે. વધુમાં આ દાવાવાળી મીલકતમાં અમારા સીવાય કોઈનો લાગ ભાગ કે હિસ્સો આવેલ નથી.

**(૪.૦) ઉપરોકત કેસની હકીકતો, રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ઉભય પક્ષની રજુઆતોના આધારે આ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.**

૧. શુ વાદી તેઓનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરે છે ?

૨. શુ વાદી બેલેન્સ ઓફ કન્વીનીયન્સી તેમની તરફેણમાં છે, તેવુ સાબિત કરે છે?

૩. શુ વાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો, તેઓને નાંણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શુ વાદી માગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે ?

**ઉપરોકત મુદા અંગેના મારા જવાબ નીચે મુજબ છે.**

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**(પ.૦) મુદા નં.૧ ની ચર્ચા.**

એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુંકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસ ની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ

હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબુજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે

વાદીઓનો કેસ પ્રાયમાફેઈસી છે કે કેમ તે ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાની સાથે સાથે કાયદાના સિધ્ધાંતો બાબતો ધ્યાને લેવા યોગ્ય જણાવેલ છે તે સાથે જોઈએ તો વાદીએ હાલનો દાવો એવી તકરાર સાથે રજુ રાખેલ છે કે વાદીની માલીકીની જમીનમાં પ્રતિવાદીઓ વાદીને ખેતી કરતા અટકાવે છે.અને અડચણ કરે છે. બાબતે વાદી તરફે માર્ક ૩/૨ થી રે.સર્વેનંબર ૧૦૨ તથા ૨૩૮ના ૮–અ ના ઉતારાની નકલ રજુ છે. માર્ક ૩/૩ થી રે.સર્વેનંબર ૧૦૨ ના ગામ નમુના નબર ૭ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૪ થી રે.સર્વેનંબર ૧૦૨ ના ગામ નમુના નબર ૧૨ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૫ થી રે.સર્વેનંબર ૨૩૮ ના ગામ નમુના નબર ૭ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૬ થી રે.સર્વેનંબર ૨૩૮ ના ગામ નમુના નબર ૧૨ના ઉતરાની નકલ રજુ છે. આમ રજુ થયેલ રેવન્યુ રેકર્ડ જોતા તેમાં કબજેદાર તથા માલીક તરીકે વાદીનુ નામ છે. વધુમાં માર્ક ૩/૭ થી ગામ નમુના નંબર ૬ ની નકલ રજુ છે. તેમજ માર્ક ૩/૮ થી વાદી નંબર – ૨ મરણ ગયેલ છે. તેનો મરણનો દાખલો રજુ છે.વધુમાં વાદી તરફે પંચનામુ કરાવેલ છે.જે પંચનામુ તથા સ્થળસ્થિતીનો નકશો રજુ છે.અત્રે આ કામમાં વાદગ્રસ્ત જગ્યા ખેતીની જમીન છે. આ અંગે વાદીના ટાઈટલ

જોવામાં આવે તો  માર્ક ૩/૨ થી રે.સર્વેનંબર ૧૦૨ તથા ૨૩૮ના ૮–અ ના ઉતારાની નકલ રજુ છે. માર્ક ૩/૩ થી રે.સર્વેનંબર ૧૦૨ ના ગામ નમુના નબર ૭ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૪ થી રે.સર્વેનંબર ૧૦૨ ના ગામ નમુના નબર ૧૨ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૫ થી રે.સર્વેનંબર ૨૩૮ ના ગામ નમુના નબર ૭ના ઉતરાની નકલ રજુ છે. માર્ક ૩/૬ થી રે.સર્વેનંબર ૨૩૮ ના ગામ નમુના નબર ૧૨ના ઉતરાની નકલ રજુ છે.અત્રે આ કામમાં વાદગ્રસ્ત જગ્યા ખેતીની જમીન છે. આ અંગે વાદીના ટાઈટલ જોવામાં આવે તો વાદી તરફે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો રે.સર્વે.નંબર ૧૦૨ તથા ૨૩૮ વાળી ખેતીની જમીન વાદીના નામે  છે.એટલે કે રેવન્યુ રેકર્ડ મુજબ સદરહુ ખેતીની જમીન હાલ વાદીના માલીકીની તથા કબજા ભોગવટાની જણાઈ આવે છે.વધુમાં નામદાર હાઈકોર્ટ **નવલરામ વિ. વિજીયાબેન (૧૯૯૭(૧) જી. એલ. એચ. પેજ – ૮૪૧)** ના ચુકાદામાં એ હકીકત જણાવેલ છે કે ખુલ્લી જમીનનો કબજો તે તે અંગેના ટાઈટલ ધરાવનાર વ્યકિતનો હોવાનુ માનવુ જોઈએ, વધુમાં નામદાર હાઈકોર્ટે નોંધેલ છે કે The concept of possession is an abstract one. The ordinary presumption is that possession follows title. Presumption of possession over an open land always is deemed to be that of the owner and not of a trespasser. An open place of land shall be presumed to be in possession of the owner unless it is proved by the trespasser that he had done some substantial acts of possession over the land which may excite the attention of the owner that he has been dispossessed. As indicated above, an owner of an open land is ordinarily presumed to be in possession of it and this

presumption becomes strong in his favour when the defendant fails to establish the ground on which he claims to have come in possession. The presumption that possession goes with the title is not limited to particular kind of cases where proof of actual possession is impossible on account of nature of the land, such as boundary land, forest land or submerged land. The presumption applies to all kinds of lands.Where plaintiff proves his title, but not any act of possession and the defendant does not prove possession except unnoticed user of small part of land, the presumption that possession follows title will come tin play. આમ ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓ જોતા આ ખેતીની જમીન વાદીના માલીકી તથા કબજામાં હોવા બાબતે તથા તે રીતે વાદીનો હાલનો દાવો પ્રથમદર્શનીય હોવાની હકીકત સાથે હુ સંમત થાઉ છુ.

**મુદા નં. ૨ તથા ૩ ની ચર્ચા ::–**

આ કામે વાદીની દાવા અરજી તથા ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાના આધારે વાદીનો કેસ પ્રાયમાફેસી હોવાના મુદાનો જવાબ હકારમાં આપવામાં આવેલ છે અને તેથી ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાના આધારે આ ખેતીની જમીન ટાઈટલના આધારે કબજો વાદી પાસે હોવાનુ માનવામાં આવેલ છે ત્યારે એ હકીકત પણ નોંધવા લાયક છે કે મિલ્કત સાથે વ્યકિતનો સબંધ જોડાયેલો હોય છે, અને ત્યારે જો આ હકીકત ધ્યાને લઈ આ કામમાં વાદીને માગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો તેનાથી તેઓને પ્રતીવાદી કરતા વધુ અગવડતા થવા સંભવ છે, આ કામમાં સ્થળ સ્થિતી ખેતીની જમીન અંગે વાદી પાસે સમગ્ર ટાઈટલ છે.તેથી આ કામમાં જો વાદીની

અરજી મુજબ માગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં નહી આવે તો વાદીને પ્રતીવાદી કરતા વધુ અગવડતા ઉભી થશે, આ તમામ બાબતો ધ્યાને લેતા જો આ અરજી અન્વયે કોઈ દાદ વાદીને આપવામાં ન આવે તો વાદીને નાણામાં ના આંકી શકાય તેવુ નુકશાન જવા સંભવ હોવાની હકીકત માનવામાં આવે છે અને તે રીતે મુદાનં .૨ તથા ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. અને નીચે મુજબનો આખરી હુકમ મુદા નં. ૪ પરત્વે કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. વાદીની આંક – ૫ ની સી.પી.સી આર્ડર ૩૯ રુલ ૧–૨ તથા કલમ ૧૫૧ મુજબની, કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. પ્રતીવાદીઓને એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ દાવાના આખર નિકાલ સુધી વાદીના કબજામાં આવેલ વાદગ્રસ્ત ખેતી જમીન રે.સ.નં બર ૧૦૨ તથા ૨૩૮ માં ભેલાણ, નુકશાન,અંતરાય હરકત કે બાધા થાય તેમ કરવુ નહી, તેવો દાવાના આખર નિકાલ સુધી વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

૩. આ અરજીઓનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૨૫ મી માહે–ફેબ્રુઆરી–સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ:–૨૫/૨/૨૦૨૧ **(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)**

*Judge Code : GJ01383*

સ્થળ :– કડાણા.

પ્રિન્સીપાલ સીવીલ જજ,
કડાણા, જિ.મહીસાગર.